# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1. વિવિધ મુદ્દે વિરોધ પક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહો બે વાગ્યા સુધી સ્થગિત
2. લોકસભામાં સરકારે કહ્યું કે શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતી માટે શૂન્ય સહિષ્ણુતાની નીતિ
3. નકલી જંતુનાશકો, ખાતરો અને બિયારણ બનાવતી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવા કેન્દ્ર સરકારની સૂચના
4. ગાઝામાં યુદ્ધવિરામ અને હમાસ દ્વારા બંધકોને મુક્ત કરવાની માંગણી સાથે ઇઝરાયલમાં દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો
5. ઓટો અને રિયાલીટી સેક્ટરના શેરોમાં ભારે લેવાલીના પગલે શેરબજારમાં ફુલગુલાબી તેજી

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT - ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી દળોના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો બપોરે 2:00 વાગ્યા સુધી સ્થગિત કરાયા છે. આજે સવારે 11:00 વાગ્યે રાજ્યસભા શરૂ થઈ ત્યારે ગૃહના ભૂતપૂર્વ સભ્ય લા ગણેશનને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી,. , જેનું આ મહિનાની 15મી તારીખે 80 વર્ષની વયે અવસાન થયું. ઉપસભાપતિ હરિવંશે લા ગણેશનના અવસાન પર શોક વ્યક્ત કર્યો, જેમણે ઓક્ટોબર 2016 થી એપ્રિલ 2018 સુધી મધ્યપ્રદેશ રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા આ ગૃહના સભ્ય તરીકે સેવા આપી હતી.

શ્રદ્ધાંજલી બાદ ઉપાધ્યક્ષ હરિવંશે કહ્યું કે, તેમને વિવિધ રાજકીય પક્ષો તરફથી ૧૯ મુલતવી નોટિસ મળી છે, જેમાંથી કેટલીક બિહારમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારાના મુદ્દાઓ સાથે સંબંધિત છે, જે ન્યાયાધીન છે. તેમણે નિયમોનો ઉલ્લેખ કરીને બધી નોટિસોને ફગાવી દીધી. ત્યારબાદ વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા. શ્રી હરિવંશે શૂન્ય કાળ ચલાવવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે આ કામ સભ્યો માટે છે અને તેઓ જાહેર મહત્વના મુદ્દાઓ ઉઠાવી શકે છે. આ મુદ્દે હોબાળાના પગલે ઉપાધ્યક્ષે ગૃહને બપોરે 2:00 વાગ્યા સુધી મુલતવી રાખ્યું.બીજીતરફ લોકસભામાં પણ

આવા જ દ્રશ્યો સર્જાયા હતા. સૂત્રોચ્ચાર કરી રહેલા સાંસદોને અધ્યક્ષ ઓમ બિરલાએ ચેતવ્યા હતાં. તેમજ હોબાળાના પગલે ગૃહની કાર્યવાહી બે વાગ્યા સુધી મુલતવી રાખી હતી.

બાઇટ- ઓમ બિરલા , સ્પિકર , લોકસભા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - STUDENT SAFETY

શિક્ષણ રાજ્યમંત્રી જયંત ચૌધરીએ કહ્યું છે કે, શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતી અંગે સરકારની શૂન્ય સહિષ્ણુતાની નીતિ છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સલામતી માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને શાળા બોર્ડને સમયાંતરે માર્ગદર્શિકા જારી કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે, તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓની સલામતી અને તેમની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે.

બાઇટ – જયંત ચૌધરી, શિક્ષણ રાજ્યમંત્રી

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SHIVRAJ SINGH CHOUHAN-NEW MP

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે, નકલી જંતુનાશકો, ખાતરો અને બિયારણ બનાવતી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. નકલી રસાયણોના છંટકાવને કારણે સોયાબીનના પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે શ્રી ચૌહાણે મધ્યપ્રદેશની મુલાકાત લીધા બાદ આમ જણાવ્યુ હતું.

શ્રી ચૌહાણને નકલી નીંદણનાશક દવાના છંટકાવને કારણે સોયાબીનના પાકને નુકસાન થયું હોવાની ફરિયાદો મળ્યા બાદ રાયસેન અને વિદિશા જિલ્લામાં અસરગ્રસ્ત ખેતરોની મુલાકાત લઈને નુકસાનનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું કે આવી કંપનીઓ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવામાં આવશે. શ્રી ચૌહાણના નિર્દેશો પર કાર્યવાહી કરતા, ભારતીય કૃષિ સંશોધન પરિષદ - **ICAR** એ તાત્કાલિક એક તપાસ સમિતિની રચના કરી છે. સમિતિ આજે પાકના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ખેતરોની મુલાકાત લઈ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NITISH VP CANDIDATE

જનતા દળ (યુનાઈટેડ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને બિહારના મુખ્યમંત્રી નીતીશકુમારે મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદ માટે એનડીએના ઉમેદવાર તરીકે નામાંકિત કરવાના નિર્ણયને આવકાર્યો છે. શ્રી કુમારે જણાવ્યું હતું કે, જે. ડી. (યુ) ચૂંટણીમાં શ્રી રાધાકૃષ્ણનને ટેકો આપશે. નીતીશકુમારે સોશિયલ મીડિયા પર એનડીએના ઉમેદવારને શુભેચ્છાઓ આપી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## CHHATTISGARH BLAST

છત્તીસગઢમાં, આજે બસ્તર વિભાગના બીજાપુર જિલ્લામાં માઓવાદીઓ દ્વારા કરાયેલા ઈમ્પ્રોવાઇઝડ એક્સપ્લોસિવ્સ ડિવાઇસ-**IED** વિસ્ફોટમાં એક સુરક્ષા જવાન શહીદ થયા છે અને ત્રણ જવાન ઇજાગ્રસ્ત થયા છે.

રાષ્ટ્રીય ઉદ્યાન વિસ્તારમાં જિલ્લા રિઝર્વ ગાર્ડની એક ટુકડી નક્સલ વિરોધી કાર્યવાહીમાં જોતરાયેલી હતી ત્યારે આ વિસ્ફોટ થયો હતો.ઈજાગ્રસ્ત જવાનોની હાલત ભયમુક્ત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BANGLADESH - ONIONS

બાંગ્લાદેશમાં, વચગાળાની સરકારે ભાવ વધારાને રોકવા માટે ભારતના બંદરો પરથી ડુંગળીની આયાત કરવાની મંજૂરી આપી છે.

સાડા પાંચ મહિના પછી, બાંગ્લાદેશી આયાતકારોને બંદરો દ્વારા ભારતમાંથી ડુંગળીની આયાત કરવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, **150** ટન ડુંગળીનો પહેલો જથ્થો ગઈકાલે બપોરે દિનાજપુરના હિલી ભૂમિ બંદર દ્વારા ભારતથી બાંગ્લાદેશ પહોંચ્યો.**23** ટ્રકમાં **660** ટન ડુંગળીનો બીજો જથ્થો ગઈકાલે સાંજે પહોંચ્યો.

હિલી ભૂમિ બંદરના સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય ડુંગળીની છેલ્લી આયાત **2** માર્ચે થઈ હતી, તાજેતરમાં, સ્થાનિક બજારોમાં ડુંગળીના ભાવ ફરી વધી રહ્યા હોવાથી, આયાતકારોએ આયાત ફરી શરૂ કરવાની પરવાનગી માટે કૃષિ મંત્રાલયને અરજી કરી હતી.

--------------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

..............

# BIHAR RAHUL YATRA

બિહારમાં મતદાર અધિકાર યાત્રાના ભાગ રૂપે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઔરંગાબાદ જિલ્લાના દેવ પહોંચ્યા છે. બિહારમાં મતદારોની યાદીમાં ચાલી રહેલા ખાસ સઘન સુધારાની પ્રક્રિયાનો વિરોધ કરવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ યાત્રાનો આજે બીજો દિવસ છે. INDI ગઠબંધનના નેતાઓ પણ તેમાં ભાગ લઈ રહ્યા છે. 16 દિવસની આ યાત્રા રાજ્યના વીસથી વધુ જિલ્લાઓમાંથી પસાર થશે અને 1 સપ્ટેમ્બરે પટનાના ગાંધી મેદાનમાં સમાપ્ત થશે.

આજે સવારે પ્રચાર દરમિયાન રાહુલ ગાંધીએ અંબા, કુટુમ્બ, પાતાળગંગા અને ઔરંગાબાદના અન્ય વિસ્તારોની મુલાકાત લીધી. આ પ્રસંગે બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી પ્રસાદ યાદવ, બિહાર કોંગ્રેસ પ્રમુખ રાજેશ રામ અને વિકાસશીલ ઇન્સાન પાર્ટીના વડા મુકેશ સહાની ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગાંધી આજે ગયા પહોંચતા પહેલા

ગુરારુ, બગડીહા, દાઉદનગર અને પંચનપુરની મુલાકાત લેશે. સાંજે, તેઓ ગયાના ખાલીશ પાર્ક ખાતે એક જાહેર સભામાં સંબોધન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL- NATIONWIDE STRIKE

ગાઝામાં યુદ્ધવિરામ અને હમાસ દ્વારા બંધકોને મુક્ત કરવાની માંગણી સાથે ગઇકાલે લાખો ઇઝરાયલીઓએ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો કર્યા હતા.

બાકી રહેલા 50 બંધકોના પરિવારો, વિપક્ષી નેતાઓ અને નાગરિક જૂથોએ તેલ અવીવના હોસ્ટેજીસ સ્ક્વેર, જેરુસલેમમાં પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના નિવાસસ્થાનની બહાર અને અન્ય મુખ્ય સ્થળોએ રેલી કાઢી હતી.

બંધક પરિવારો અને વિપક્ષી નેતા યાયર લેપિડ સહિત ટીકાકારોએ દલીલ કરી હતી કે લાંબુ ચાલતું યુદ્ધ બાકીના બંધકોને જોખમમાં મૂકી શકે છે. આ વિરોધ પ્રદર્શન નેતન્યાહૂની ગાઝામાં લશ્કરી કાર્યવાહી વધારવાની યોજના પર વધતા ગુસ્સાને પ્રતિબિંબિત કરે છે. સામે પક્ષે નેતન્યાહૂએ પોતાના વલણનો બચાવ કરતા દલીલ કરી હતી કે હમાસને હરાવ્યા વિના યુદ્ધ સમાપ્ત કરવાથી 7 ઓક્ટોબર, 2023

જેવું પુનરાવર્તન થવાનું જોખમ રહેશે. ઉલ્લેખનીય છે કે યુદ્ધ શરૂ થયા બાદ ગાઝામાં લગભગ 62 હજાર જેટલા લોકોના મોત થયા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MARKET

દિવાળીમાં જીએસટીમાં રાહત આપવાના સરકારના સંકેતના પગલે ભારતીય શેરબજારમાં આજે સવારથી ફુલગુલાબી તેજી જોવા મળી હતી. સેન્સેક્સ પ્રારંભિક તબક્કે એક હજાર કરતાં વધુ પોઇન્ટ ઉછળ્યો હતો અને નિફ્ટીમાં પણ 350 પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો.. સપ્તાહના આરંભે જ શેરબજારમાં તેજીનો માહોલ સર્જાયો હતો, જે બપોર બાદ પણ યથાવત રહ્યો હતો. હાલમાં સેન્સેક્સ 750 અને નિફ્ટીમાં 270 પોઇન્ટનો વધારો જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં ઓટો રિયાલીટી સેક્ટરમાં તેજી અને આઇટી સેક્ટરના શેરમા મંદીનો માહોલ સર્જાયો હતો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TAIWAN-VESSEL

તાઇવાનએ કહ્યું છે કે તેના પ્રદેશની આસપાસ ચીનના  છ લશ્કરી વિમાનો અને નૌકાદળના પાંચ જહાજો જોવામાં આવ્યા છે. તાઇવાનના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે છ માંથી ત્રણ વિમાનો મધ્ય રેખા પાર કરીને તાઇવાનના ઉત્તરીય અને દક્ષિણપશ્ચિમ હવાઈ સંરક્ષણ ઓળખ ક્ષેત્ર માં પ્રવેશ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

હવામાન વિભાગે આગામી 7 દિવસ ગોવા, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આજે છત્તીસગઢ, ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આજે ગુજરાત, વિદર્ભ, મધ્યપ્રદેશ, મરાઠવાડા, કેરળ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.આગામી બે દિવસ જમ્મુ અને કાશ્મીર, બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વીજળીના કડાકા વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .